# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
# સુરત

સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ ,ભેસ્તાન ,સુરત
Phone:: (0261) 2916003,2916040
E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org

જા.નં : ડાયેટ/ DRU/કલા ઉત્સવ /2024-11529-11573 તા.22/11/2024

પ્રતિ,

ટીપીઈઓશ્રી, બીઆરસીકોઓ.શ્રી તથા સીઆરસી કૉ.ઓ.શ્રી તમામ,
શાસનાધિકારીશ્રી, તથા યુઆરસીકોઓ.શ્રી તમામ,
આચાર્યશ્રી, ક્યુડીસી કૉ.ઓ.શ્રી, એસવીએસ કન્વીનરશ્રી, માધ્યમિક-ઉચ્ચતર માં.શાળા તમામ,
સુરત

વિષયઃ જિલ્લા કક્ષાનો "કલા ઉત્સવ " સ્પર્ધાઓમા નિર્ણાયક તરીકે કામગીરી કરવા બાબત

સંદર્ભ: (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૧૬/૧૩૩/ન તા. ૫/૫/૨૦૧૬
(2) જીસીઈઆરટી પત્રક્માંક જીસીઈઆરટી/કલાઉત્સવ/2024/17688-803,તા.14/8/2024

સવિનય ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓમાં ચિત્રકલા કૌશલ્ય, સાહિત્ય રચના કૌશલ્ય, વાદ્ય કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યોના વિકાસના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે વર્ષ 2024-25માં જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા કલા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ક્લા ઉત્સવની થીમ "ગરવી ગુજરાત" રાખેલ છે. જેમાં ગુજરાત રાજ્યને ધ્યાને રાખી સંસ્કૃતિ, કવિઓ, સ્થાપત્યો, ઐતિહાસિક વારસો, કુદરતી વારસો, સાહિત્ય, તહેવારો, મેળાઓ, હસ્તકલાઓ, વીરાંગનાઓ, ભાષાઓ, નૃત્ય વગેરેનો સમાવેશ કરી શકાશે.

Scanned with CamScanner

Em

જિલ્લાકક્ષાનો કલા ઉત્સવમાં ઉક્ત થીમ આધારિત ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન)નું આયોજન તા.28/11/2024નાં રોજ પ્રાથમિક વિભાગ અને તા. 29/11/2024નાં રોજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સ્પર્ધા વિદ્યાદીપ યુનિવર્સીટી કેમ્પસ, મુ.અણીતા (કીમ નજીક), જી.સુરત ખાતે યોજવામાં આવશે. જેમાં યાદી મુજબના શિક્ષકોએ સ્થળ, તારીખ અને સમયે નિર્ણાયક તરીકેની કામગીરી કરવાની રહે છે.

નોધ :-1. નિર્ણાયકોને સરકારશ્રીના નિયમ મુજબ આવવા જવાનું ભાડું અને માનદ્-વેતન મળવા પાત્ર રહેશે. જે માટે બેંક એકાઉન્ટની વિગત (બેંકનું નામ, શાખા, ખાતા નંબર, ifsc code ) સાથે લાવવું.

2. ભોજન વ્યવસ્થા બપોરે 12.30 થી 2.00 દરમિયાન કરવામાં આવેલ છે.

બીડાણ :-

1. નિર્ણાયકોની યાદી

2. જીસીઈઆરટી પત્રકમાંક જીસીઈઆરટી/કલાઉત્સવ/2024/17688-803,તા.14/8/2024 કલા ઉત્સવ કાર્યક્રમ – SOP

પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

નકલ સવિનય રવાના

- નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.

નકલ રવાના

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત.
- લાયઝન ઓફિસરશ્રી, ડાયેટ સુરત તમામ.

Scanned with CamScanner

# વિભાગ :- પ્રાથમિક

## રજીસ્ટ્રેશન :- તા.28/11/2024 સવારે 10.00 કલાકે

| સ્પર્ધાનું નામ | નિર્ણાયકનું નામ | સંસ્થાનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ચિત્ર | મયુરભાઈ આદમાર | બચકાનીવાલા વિદ્યાલય, ભટાર, સુરત | 9913007580 |
| | કિશોરભાઈ કોસંબીયા | નિવૃત શિક્ષક | 9879689240 |
| | જશવંતભાઈ નાથુકારાવાલા | નિવૃત શિક્ષક | |
| બાલકવિ સ્પર્ધા | દિલીપભાઈ ઘાસવાલા | એક્ષપ્રિમેન્ટલ હાઈસ્કુલ, સુરત | |
| | ભરતભાઈ એસ.ભટ્ટ | નિવૃત શિક્ષક | 9712021259 |
| | ફિરોઝભાઈ મલેક | એમ.એમ.પી. હાઈસ્કુલ, સુરત | |
| સંગીત ગાયન | દેવાંગ ઝવેરી | પરફોમીગ આર્ટ સેન્ટર, ટી.વી.એન્ડ ટી.વી, સુરત | 7405109144 |
| | અનિલકુમાર પાલ | પરફોમીગ આર્ટ સેન્ટર, ટી,વી.એન્ડ ટી.વી, સુરત | 928058513 |
| | રમેશભાઈ પ્રજાપતિ | ન. પ્રા. શાળા નંબર 198., SURAT | |
| સંગીત વાદન | ઉત્કર્ષ કંથારીયા | મ્યુઝીક સ્કુલ | 9727004366 |
| | આનંદભાઈ પલાસાનાવાલા | મ્યુઝીક સ્કુલ | |
| | સુનીલ રેવેર | જીવનભારતી વિદ્યાલય, સુરત | 9374515952 |

Scanned with CamScanner

# વિભાગ :- માધ્યમિક

## રજીસ્ટ્રેશન :- તા.29/11/2024 સવારે 10.00 કલાકે

| સ્પર્ધા | નિર્ણાયકનું નામ | સંસ્થાનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ચિત્ર | દીપક પટેલ | ન.પ્રા.શાળા નંબર 117 | 9898408856 |
| | બલવંતભાઈ પટેલ | નિવૃત શિક્ષક | 9824454512 |
| | સુરેશભાઈ વી. સુરતી | નિવૃત શિક્ષક | |
| બાલકવિ સ્પર્ધા | નિમેશકુમાર હાસોટી | પ્રા. કુમાર શાળા, બારડોલી | 7600932314 |
| | તનસુખભાઈ વી.શાહ | સાહિત્ય સરવાણી, બારડોલી | 9979345866 |
| | રાકેશભાઈ મહેતા | crc સીથાણ | 9879099501 |
| સંગીત ગાયન | દેવેન્દ્રભાઈ રામગોન્ડે | ન.પ્રા.શાળા.નંબર 112 | 9909199111 |
| | યાસીન મુલતાની | પ્રા. શાળા કોસમાડી | 9428812666 |
| | પ્રતિક સાલાર | કીમ સ્કુલ | 7621855875 |
| સંગીત વાદન | હિમંતભાઈ કપૂરે | ન.પ્રા.શાળા નંબર 220 | 9727390400 |
| | મુકેશભાઈ સાખીયા | પ્રા.શાળા નવાગામ, કામરેજ | 9904059221 |
| | મેહુલ ઝવેરી | મ્યુઝીક સ્કુલ સુરત | 7567642625 |

Scanned with CamScanner

# વિભાગ :- ઉચ્ચતર માધ્યમિક

## રજીસ્ટ્રેશન :- તા.29/11/2024 સવારે 12.30 કલાકે

| સ્પર્ધા | નિર્ણાયકનું નામ | સંસ્થાનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ચિત્ર | સુરેન્દ્રભાઈ સેવક | વસવારી પ્રા.શાળા નંબર 389, SURAT | 9879364065 |
| | દીપક રામાંરાજે | ન.પ્રા.શાળા.નંબર 347, SURA | 8758647864 |
| | દીપક મકવાણા | ન.પ્રા.શાળા.નંબર-122,SURAT | 9879464619 |
| બાલકવિ સ્પર્ધા | સપન કે પાઠક | કુમાર પ્રા.શાળા, બારડોલી , SURAT | 9898324341 |
| | વિરલભાઈ કે વ્યાસ | સાહિત્ય સરવાણી, બારડોલી | 7383933397 |
| | નિલેશભાઇ કચ્છી | સાહિત્યકાર | |
| સંગીત ગાયન | પ્રવિણભાઈ ઝંડ | મ્યુઝીક સ્કુલ | |
| | હેમંત પંચાલ | ન.પ્રા.શાળા.નંબર 112 | 9099823232 |
| | કેયુર વાઘેલા | મ્યુઝીક સ્કુલ | 9033524770 |
| સંગીત વાદન | વિવેક ટેલર | અંધજન મંડળ, સુરત | 9428628732 |
| | સુશીલકુમાર પાલ | શ્રીરંજની મ્યુઝીક એકેડમી, સુરત | 6352722510 |
| | હાર્દિક સોલંકી | અંધજન મંડળ, સુરત | 9099106788 |

Scanned with CamScanner

# કલા ઉત્સવ કાર્યક્રમ - SOP

## "ગરવી ગુજરાત"

1) રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કલા ઉત્સવમાં - ચિત્રકલા, બાળકવિ સંમેલન, સંગીત સંમેલન (ગાયન અને વાદન)નું આયોજન ફરજિયાત કરવાનું રહેશે

2) આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.

| | | |
|---|---|---|
| 1. | પ્રાથમિક વિભાગ | ધોરણ – 6 થી 8ના વિદ્યાર્થીઓ માટે |
| 2. | માધ્યમિક વિભાગ | ધોરણ – 9 થી 10ના વિદ્યાર્થીઓ માટે |
| 3. | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | ધોરણ – 11 થી 12ના વિદ્યાર્થીઓ માટે |

3) **શાળા કક્ષાની સ્પર્ધા** : સર્વ પ્રથમ શાળા કક્ષાએ કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકળા, બાળકવિ, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી./ ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનીરહેશે.

4) **ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા** : ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાએ શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી બીઆરસી-તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે.

5) **તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા** : તાલુકા કક્ષાએ ક્લસ્ટર /ક્યુ.ડી.સી.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનું રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધાનું સંકલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી. કો.ઓ અને એસ.વી.એસ. કન્વીનર સાથે રહી કરશે.

6) **જિલ્લા કક્ષાની સ્પર્ધા** : જિલ્લા કક્ષાએ બીઆરસી-તાલુકા કક્ષા/એસ.વી.એસ.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી ઝોન કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધા ડાયેટ દ્વારા યોજવાની રહેશે.

7) **ઝોન કક્ષાની સ્પર્ધા**: ઝોન કક્ષાની સ્પર્ધા માટે જિલ્લા કક્ષાએ આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે

Scanned with CamScanner

અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે.

8) **રાજ્યકક્ષાની સ્પર્ધા:** રાજ્યકક્ષાએ ઝોન કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજવાની રહેશે.

9) કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકળા, બાળકવિ, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાઓ માટે સ્પર્ધાદીઠ નીચે મુજબ ઇનામ આપવાના રહેશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઈનામ (રૂ.) | દ્વિતીય ઈનામ (રૂ.) | તૃતીય ઈનામ (રૂ.) |
|---|---|---|---|---|
| 1 | ક્લસ્ટરકક્ષા (ધોરણ 6 થી8 ) | 300 | 200 | 100 |
| 2 | ક્યુડીસીકક્ષા (ધોરણ 9 થી 10) | 300 | 200 | 100 |
| 3 | ક્યુડીસીકક્ષા (ધોરણ 11 થી 12) | 300 | 200 | 100 |
| 4 | બીઆરસી કક્ષા (ધોરણ 6 થી 8 ) | 500 | 300 | 200 |
| 5 | એસવીએસકક્ષા (ધોરણ 9 થી 10) | 500 | 300 | 200 |
| 6 | એસ.વી.એસ.કક્ષા(ધોરણ 11 – 12) | 500 | 300 | 200 |
| 7 | જિલ્લાકક્ષા (ધોરણ 6 થી 8) | 1000 | 800 | 500 |
| 8 | જિલ્લાકક્ષા (ધોરણ 9 થી 10) | 1000 | 800 | 500 |
| 9 | જિલ્લાકક્ષા (ધોરણ 11 થી 12) | 1000 | 800 | 500 |

10) જિલ્લા કક્ષાથી લઇને સીઆરસી/ક્યુ.ડી.સી. કક્ષા સુધીના ઈનામ વિતરણ માટે ડાયટ મારફતે ગ્રાંટનું વિતરણ કરવાનું રહેશે.

11) તમામ ચાર સ્પર્ધાઓ ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) માટેનો સમયગાળો નીચે મુજબ રહેશે.

| વિભાગ | સ્પર્ધાનો તબક્કો | સમયગાળો |
|---|---|---|
| પ્રાથમિક વિભાગ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | શાળા કક્ષાએ | 30 ઓગષ્ટ - 31 ઓગષ્ટ અથવા સપ્ટેમ્બરનુ પ્રથમ અઠવાડિયુ |
| | સીઆરસી/ક્યુડીસી કક્ષાએ | સપ્ટેમ્બરનુ બીજુ અઠવાડિયુ |
| | બીઆરસી/એસવીએસ કક્ષાએ | સપ્ટેમ્બરનુ ચોથુ અઠવાડિયુ |
| | જિલ્લા કક્ષાએ | ઓક્ટોબરનુ પ્રથમ અઠવાડિયુ |

Scanned with CamScanner

12) સ્પર્ધાના આયોજન માટે જીસીઇઆરટી દ્વારા આપવમાં આવેલ થીમ અને સમય આયોજનનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.

13) આ ઉપરાંત તમામ ચાર સ્પર્ધાઓ માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | ધોરણ 6 થી 12 |
|---|---|
| તજજ્ઞોની પસંદગીના ધોરણો | • ચિત્ર સ્પર્ધા માટે- ચિત્ર જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ચિત્રકારની પસંદગી કરવાની રહેશે.<br>• કવિ સ્પર્ધા માટે- સાહિત્યના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા સાહિત્યકાર/કવિની પસંદગી કરવાની રહેશે.<br>• સંગીત સ્પર્ધા માટે- સંગીત (ગાયન અને વાદન) ના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત/ તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ગાયક અને વાદકની પસંદગી કરવાની રહેશે. વ્યકિતનો સમાવેશ કરવાનો રહેશે. |
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય નક્કી કરશે. |
| ક્લસ્ટર/ક્યુ.ડી.સી. કક્ષાએ | પ્રાથમિક વિભાગ માટે તજજ્ઞો સી.આર.સી.કો.ઓ તેમજ માધ્યમિક વિભાગ માટે ક્યુ.ડી.સી. કો-ઓર્ડીનેટર નક્કી કરશે. |
| બીઆરસી/એસવીએસ કક્ષાએ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી. કો.ઓ. અને ડાયટ લાયઝન અધિકારી સાથે મળી નક્કી કરશે. |
| જિલ્લા કક્ષાએ | ડાયેટ પ્રચાર્ય, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી સાથે મળી નક્કી કરશે. |

14) સામાન્ય સૂચનાઓ:

1. શાળા કક્ષાએથી લઈને સી.આર.સી/ક્યુ.ડી.સી. કક્ષાએ, બી.આર.સી./એસ.વી.એસ. કક્ષાએ, જિલ્લા કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાનું પત્રક નિભાવવાનું રહેશે. અને અત્રે મોકલી આપવાનુ રહેશે.
2. કોઇ પણ સ્પર્ધક એક સાથે બે સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહીં.
3. પ્રક્રિયા દરિમયાન સ્પર્ધા અને આયોજનના સુચારૂં સંચાલન માટે આયોજકનો નિર્ણય આખરી ગણાશે અને તે દરેક સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

Scanned with CamScanner

4. ગત વર્ષે ઝોન માંથી જે તે સ્પર્ધામાં વિજેતા થઇને રાજ્ય કક્ષાએ આવેલ તમામ વિદ્યાર્થીઓ જે સ્પર્ધામા વિજેતા થયેલ છે તે સ્પર્ધામાં આ વર્ષે ભાગ લઇ શકશે નહી.

## સ્પર્ધાના નિયમો અને મૂલ્યાંકન ફોર્મેટ

## ચિત્ર સ્પર્ધા :

*સ્પર્ધકે થીમ આધારિત ચિત્ર દોરવાના રહેશે. ઉદાહરણ રૂપે વિષયમાં મારૂં સપનાનું ગુજરાત, ગુજરાતના ઉત્સવો, ડીઝીટલ ગુજરાત, ગુજરાતનાં પ્રાણીઓ-આપણા મિત્રો, ગુજરાતમા આવેલ મારૂ ગામ/શહેર વગેરે...જેવા લઇ શકાય છે. આ ફક્ત ઉદાહરણરૂપ જ છે. જેની ખાસ નોંધ લેશો.*

1. સ્પર્ધાનો સમયગાળો 2:30 કલાકનો રહેશે.
2. આપેલ થીમ/વિષયને અનુરૂપ ચિત્ર કાર્યક્રમના સ્થળે જ દોરવાનું રહેશે.
3. ચિત્રમાં મૌલિકતાને વધુ પ્રાધાન્ય આપવાનું રહેશે.
4. સ્પર્ધા માટે કાગળ 12" X 18" પ્રમાણે દરેક સ્પર્ધકોને આયોજક તરફથી આપવામાં આવશે. કાગળ સિવાયની ચિત્ર માટેની અન્ય સાધન સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.
5. આપવામા આવેલ થીમ/વિષય શાળા/સીઆરસી/ક્યુડીસી,બીઆરસી/યુઆરસી/એસવીએસ કક્ષા સુધી રહેશે. જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ સ્થળ પર વિષય આપવામા આવશે અને તે વિષય આધારિત ચિત્ર દોરવાનુ રહેશે.
6. જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ વિષય નક્કી કરવા માટેની ટીમના સભ્યો
   - જિલ્લા કક્ષાએ ચિત્રના જાણકાર તજજ્ઞ/ડાયટ પ્રાચાર્ય/ડાયટના સિ.લેકચરર/જીસીઇઆરટીના લાયઝનશ્રી
   - ઝોન કક્ષાએ - ચિત્રના જાણકાર તજજ્ઞ/યજમાન ડાયટ પ્રાચાર્ય/ ડાયટના સિ.લેકચરર/ જીસીઇઆરટીના લાયઝનશ્રી
   - રાજ્યકક્ષાએ - ચિત્રના જાણકાર તજજ્ઞ/ નિયામકશ્રી /જીસીઇઆરટીના રીસર્ચ એસોસીએટસ
   - ઉક્ત તમામ કક્ષાએ વિષય માટે જરૂર જણાય નિર્ણાયકોનુ માર્ગદર્શન મેળવવુ.
7. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન યોજના

| કમ્પોઝીશન | કલર સ્કીમ | વિષયલક્ષી નિરૂપણ | ચિત્ર અને આકારમાં સપ્રમાણતા | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 25 | 25 | 25 | 25 | 100 |

Scanned with CamScanner

## બાળકવિ સ્પર્ધા:

*સ્પર્ધકે થીમ આધારિત વિષય પર કાવ્ય રચના કરવાની રહેશે. ગુજરાતી –મારી ભાષા મારૂ ગૌરવ, ગુજરાતની પંખી સૃષ્ટિ. ગિરનાર ગુજરાતનું ગૌરવ શિખર, સમૃધ્ધિ થી ભરીયો મારા ગુજરાતનો દરિયો, સહુની વ્હાલી નદી – નર્મદા વગેરે...જેવા વિષય, જ્યાં ગુજરાતી ત્યાં ગુજરાત, ગુજરાતી હોવું એટલે કે, સૌંદર્યસભર રાજ્ય ગુજરાત, ગરવા ગુજરાતીઓ વગેરે જેવા ભાવ પર કાવ્ય રચના થઇ શકે છે. આ ફક્ત ઉદાહરણરૂપ છે. જેની ખાસ નોંધ લેશો.*

1. સ્પર્ધાનો સમયગાળો 1 કલાકનો રહેશે.
2. આ કવિતા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં સ્થળ પર રચવાની રહેશે તેમજ તેને નિર્ણાયક સમક્ષ રજૂ કરવાની રહેશે..
3. દરેક સ્પર્ધકને કવિતા રજૂ કરવા માટે મહત્તમ 7 મિનિટનો સમય આપવામાં આવશે.
4. સ્પર્ધકને કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે ઉપસ્થિત થશે નહીં તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.
5. સ્પર્ધા માટે A4 Size ના લીટીવાળા પ્રોજેક્ટ પેપરના કાગળ દરેક સ્પર્ધકને આયોજક તરફથી આપવામાં આવશે. કાગળ સિવાયની અન્ય સાધન સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.
6. બાળકવિ સ્પર્ધા સમયે જ સ્પર્ધકને શબ્દો/વિષયો/ભાવો આપવામા આવશે. અને તેના પરથી સ્થળ પર જ કાવ્યની રચના કરવાની રહેશે.
7. બાળકવિ રચના સ્પર્ધાના ધોરણો
   - ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ 6 થી 8)
     સ્પર્ધકે ટીમ દ્વારા આપવામા આવેલ વિષય- શબ્દો પરથી કાવ્ય રચના કરવાની રહેશે.
   - માધ્યમિક વિભાગ (ધોરણ 9 થી 10) અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ(ધોરણ 11 થી 12)
     સ્પર્ધકને ટીમ દ્વારા ભાવો આપવામા આવશે તેના આધારે સ્પર્ધકોએ કાવ્ય રચના કરવાની રહેશે.

**વિવિધ કક્ષાએ શબ્દો/ભાવ નક્કી કરવા માટેની ટીમના સભ્યો**

- શાળા કક્ષાએ - ભાષા શિક્ષક/આચાર્ય
- સીઆરસી/ક્યુડીસી, - સીઆરસી/ ક્યુડીસી કો-ઓર્ડીનેટર (માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે), ભાષા તજજ્ઞ-ભાષા શિક્ષક/ ડાયટ લાયઝન

Scanned with CamScanner

- બીઆરસી/એસવીએસ - બીઆરસી/એસવીસ કો-ઓર્ડીનેટરશ્રી(માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે). ભાષા તજજ્ઞ -ભાષા શિક્ષક /ડાયટ લાયઝન
- જિલ્લા કક્ષાએ. - ભાષા તજજ્ઞ -ભાષા શિક્ષક /ડાયટ પ્રાચાર્ય/ડાયટના સિ.લેકચરર
- ઝોન કક્ષાએ - ભાષા તજજ્ઞ/ ડાયટના સિ.લેકચરર /યજમાન ડાયટ પ્રાચાર્ય
- રાજ્યકક્ષાએ - ભાષા તજજ્ઞ/ નિયામકશ્રી/ જીસીઇઆરટીના રિસર્ચ એસોસીએટ્સ
- ઉક્ત તમામ કક્ષાએ વિષય/શબ્દો/ભાવો માટે જરૂર જણાય નિર્ણાયકોનુ માર્ગદર્શન મેળવવુ.

૬. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

**ગુણાંકન યોજના**

| છંદ/અલંકાર/પ્રાસ | વિચારોની મૌલિકતા અને તેનું આયોજન | કલ્પના, ઉર્મિ. | રજૂઆતની શૈલી | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| 20 | 20 | 20 | 25 | 15 | 100 |

## સંગીત ગાયન સ્પર્ધા

*સ્પર્ધક શાસ્ત્રીય સંગીત/સુગમ સંગીત પૈકી કોઈ એકમાં પોતાની રજૂઆત કરી શકશે*

### શાસ્ત્રીય સંગીત

1. રજૂઆતનો સમય 10 મિનિટનો રહેશે.
2. સ્પર્ધકે પોતાના વાદ્યો અગાઉથી મેળવી રાખવા સ્પર્ધા સમયે તે માટે સમય આપવામા આવશે નહીં.
3. સટેજ પરની તૈયારી માટે માત્ર 3 મિનીટ આપવામા આવશે.
4. સહાયકમાં એક તબલાવાદક અને એક હાર્મોનિયમ વાદક અથવા તાનપુરા વાદક રહેશે અથવા તો ઇલેક્ટ્રોનિક્સ તાનપુરાનો ઉપયોગ કરી શકાશે.
5. સહાયકની સંખ્યા વધુમાં વધુ 2 રહેશે.
6. હાર્મોનિયમવાદક માત્ર પંચમ સ્વર જ આપી શકશે.
7. ગાયકી સમયે સ્પર્ધકની વેશભૂષાને ધ્યાને લેવામાં આવશે નહીં.
8. સ્પર્ધકે વાંજિત્ર વગાડનારની વ્યવસ્થા જાતે કરવાની રહેશે
9. સ્પર્ધા દરમ્યાન સ્પર્ધક પ્રિ- રેકોડેડ મ્યુઝીકનો ઉપયોગ કરી શકશે નહીં.
10. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

Scanned with CamScanner

ગુણાંકન યોજના

| સૂરની લગાવટ સ્વરની વિવિધતા રાગનો ભાવ | ભાવ લઢણ | તાલ લય | રજૂઆત | કુલ |
|---|---|---|---|---|
| 25 | 25 | 20 | 30 | 100 |

## ❖ હળવું કંઠ્ય સંગીત / સુગમ સંગીત

1. આ વિભાગમાં સુગમ સંગીત પ્રાર્થના/ દેશભકિત ગીત/લોકગીત/ભજનનો સમાવેશ કરી શકાશે કોઈપણ એકની રજૂઆત કરવાની રહેશે.
2. ગુજરાતી અથવા હિન્દી ભાષામા ગાયકી રજૂ કરી શકાશે.
3. દરેક સ્પર્ધકને ગાયકી રજૂ કરવા માટે ૫ મિનિટનો સમય આપવામાં આવશે
4. સટેજ પરને તૈયારી માટે માત્ર 3 મિનીટ આપવામા આવશે
5. સહાયકની સંખ્યા 2ની રહેશે ( હાર્મોનિયમ અને તબલા/ઢોલક/ઢોલ માંથી કોઇ એક્નો) ઉપયોગ કરી શકાશે. ઇલેકટ્રોનિક વાદ્યોનો ઉપયોગ કરી શકાશે નહી.
6. સ્પર્ધકે પોતાના વાદ્યો અગાઉથી મેળવી રાખવા સ્પર્ધા સમયે તે માટે સમય આપવામા આવશે નહી.
7. સ્પર્ધકે વાંજિત્ર વગાડનારની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
8. ગાયકી સમયે સ્પર્ધકની વેશભૂષાને ધ્યાને લેવામાં આવશે નહીં.
9. સ્પર્ધા દરમ્યાન સ્પર્ધક પ્રિ- રેકોડેડ મ્યુઝીકનો ઉપયોગ કરી શકશે નહીં.
10. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન યોજના

| ગીતની પસંદગી | ભાવ લઢણ | તાલ લય | સુરીલાપણું | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|---|
| 10 | 20 | 20 | 25 | 25 | 100 |

Scanned with CamScanner

# સંગીત વાદન સ્પર્ધા

*સંગીતના વાદ્યો પૈકી તાલ વાદ્યોમાં તબલા, મૃદંગ, ઢોલ, ઢોલક, પખવાજ તથા નાલ વગેરે તથા સૂર વાદ્યમાં હાર્મોનિયમ, વાંસળી, સિતાર, સરોદ, રાવણહથ્થો, જોડિયાપાવા, વાયોલિન, સારંગી, શરણાઇ વગેરે જેવા વાદ્ય લઇ શકાશે.*

1. સ્પર્ધક કોઇ પણ એક જ વાદ્ય સાથે સ્પર્ધામા ભાગ લઇ શકશે.
2. સ્પર્ધકે વગાડવાના વાદ્યો સાથે લાવવાના રહેશે આયોજક દ્વારા તે પૂરા પાડવામાં આવશે નહી.
3. કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે સ્પર્ધક ઉપસ્થિત થશે નહી તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.
4. દરેક સ્પર્ધકને રજૂઆત માટે 5 મિનીટનો સમય આપવામા આવશે.
5. સ્પર્ધકની રજૂઆતમાં વેશભૂષાને ધ્યાને લેવામાં આવશે નહીં.
6. સ્પર્ધક પોતાની સાથે ફક્ત એક સહાયક લાવી શકશે. પરંતુ નિર્ણયમા સહાયકની રજૂઆત ધ્યાને લેવામા આવશે નહી.
7. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન યોજના : તાલ વાદ્યો:

| તાલ ની પસંદગી | વાદ્યના બોલની સ્પષ્ટતા | લય અને લયકારી | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|
| 20 | 30 | 30 | 20 | 100 |

ગુણાંકન યોજના : સૂર વાદ્યો:

| રાગ અને કૃતિની પસંદગી | સૂર પર પ્રભુત્વ | તાલ અને લય | સમગ્ર છાપ | કુલ |
|---|---|---|---|---|
| 20 | 30 | 30 | 20 | 100 |

Scanned with CamScanner